# રાજભવન ખાતે ભૂપેન્દ્ર પટેલનો રાજ્યાભિષેક

**રાજભવનમાં બપોરે ૨.૨૦ કલાકે શપથ સમારોહ યોજાયો : રાજ્યના ૧૭મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે શપથ ગ્રહણ કર્યા : કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, હરિયાણા, એમપી તેમજ ગોવાના સીએમ સહિત કુલ ૪૦૦ મહાનુભાવો હાજર : મંત્રીમંડળના સભ્યો બે દિવસમાં શપથ લેશે**





ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે આજે રાજભવનમાં યોજાયેલા સમારંભમાં શપથ ગ્રહણ કરી લીધા છે. બપોરે ૨.૨૦ કલાકે તેમનો શપથગ્રહણ સમારંભ યોજાયો હતો. જેમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, હરિયાણા, એમપી તેમજ ગોવાના સીએમ સહિત કુલ ૪૦૦ લોકો હાજર રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલનું નામ ગઈકાલે જ નવા સીએમ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. આજે માત્ર ભૂપેન્દ્ર પટેલે જ શપથ લીધા છે. તેમના મંત્રીમંડળના સભ્યો બે દિવસની અંદર નામ ફાઈનલ થયા બાદ હોદ્દાના શપથ લેશે. ભૂપેન્દ્ર પટેલે શપથ ગ્રહણ કર્યા ત્યારે પૂર્વ સીએમ વિજય રુપાણી, ડે. સીએમ નીતિન પટેલ, સીઆર પાટીલ સહિતના નેતાઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત, કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રુપાલા, દર્શના જરદોશ પણ શપથગ્રહણ સમારંભમાં હાજર રહ્યાં હતાં. સીએમે શપથ લઈ લીધા બાદ હવે તેમની ટીમમાં કોને-કોને સામેલ કરવામાં આવે છે તેના પર સૌની નજર મંડરાયેલી છે. જેમાં સૌથી મહત્વનો મુદ્દો એ છે કે, રુપાણીની ટીમના કેટલા મંત્રીઓને ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં સ્થાન મળે છે અને કોની-કોની એક્ઝિટ થાય છે ? શપથ ગ્રહણ કરતા પૂર્વે ભૂપેન્દ્ર પટેલ આજે પૂર્વ ડે. સીએમ નીતિન પટેલ તેમજ પૂર્વ સીએમ વિજય રુપાણીને મળવા તેમના ઘરે પહોંચ્યા હતા. આ ઉપરાંત, તેમણે સ્વામિનારાયણ મંદિરમાં ઝઈને ભગવાનના દર્શન કરી સાધુઓના આશીર્વાદ લીધા હતા. આ ઉપરાંત, તેમણે રાજકોટ અને જામનગરમાં પડેલા જોરદાર વરસાદની સ્થિતિની માહિતી મેળવી સ્થાનિક તંત્રને જરુર પડ્યે પૂરમાં ફસાયેલા લોકોને એર લિફ્ટ કરવા માટે સૂચના આપી હતી. અમદાવાદ શહેરની ઘાટલોડિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ ૨૦૧૭માં પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડીને રેકોર્ડબ્રેક બહુમતિ સાથે જીત્યા

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્ય મંત્રીમંડળની રચના ગુરૂવારે અથવા શનિવારે કરાશે

**નવા મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટ અને ૧૨ રાજ્યમંત્રી હશે : જરૂર જણાશે તો સંસદીય સચિવોની નિયુક્તી પણ કરાશે**

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના મુખ્યમંત્રી પદનો કાર્યભાર આજે ભૂપેન્દ્રભાઈ પટેલે સંભાળી લીધો છે. તેમના નવા મંત્રીમંડળની રચના ગુરૂવારે અથવા તો તે પછી ગમે ત્યારે કરી દેવામાં આવશે.

આજે ભાજપના કોરગૃપની તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ સાથેની બેઠકમાં મંત્રીમંડળની રચના અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. મંત્રીમંડળની રચના અંગે આમ તો મુખ્યમંત્રીને છુટોદોર આપવામાં આવ્યો છે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્ય મંત્રીમંડળ દ્વિસ્તરીય રહેશે. રાજ્ય મંત્રીમંડળની સભ્ય સંખ્યા ૨૦ થી ૨૨ ની વચ્ચે રહેશે. જેમાં ૧૦ કેબિનેટ અને ૧૦ રાજ્યકક્ષાના મંત્રી રહેશે એટલું જ નહિ ૨ થી ૩ રાજ્યકક્ષાના મંત્રીઓને સ્વતંત્ર હવાલા આપવામાં આવે તેવી સંભાવના છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશ મુજબ નવા મંત્રીમંડળમાં યુવા ચહેરાઓને વિશેષ સ્થાન આપવામાં આવશે. બે થી ત્રણ મહિલા સભ્યોને પણ મંત્રીમંડળમાં સ્થાન મળશે તેવી અટકળો તેજ બની છે.

હાલના મંત્રી મંડળમાંથી ૮ થી ૧૦ સભ્યોને પડતા મુકવામાં આવે તેવી અટકળોએ પાટનગરના રાજકીય પ્રવાહોને વધુ ઉત્તેજીત બનાવ્યા છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને અધ્યક્ષપદ અપાશે તો અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીનો મંત્રીમંડળમાં સમાવેશ કરાશે.

રાજ્યના મંત્રીમંડળની રચનામાં નાયબ મુખ્યમંત્રી પદ નહિ હોય તેમજ પછી જરૂર પડે સંસદીય સચિવોની નિયુક્તી કરવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## દાદા ભગવાન પંથમાં મુખ્યમંત્રી મહાત્મા તરીકે ઓળખાય છે

ગાંધીનગર, તા. ૧૩

દાદા ભગવાન પંથમાં રાજ્યના નવા વરાયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મહાત્માનો દરજ્જો ધરાવે છે.

ભૂપેન્દ્રભાઈ પટેલ અને દાદા ભગવાન ફાઉન્ડેશનનો નાતો આજ-કાલનો નહિ પણ ૨૦ વર્ષ કરતાં પણ જૂનો છે. સ્વ. નિરૂમાના વક્તવ્યો અને પ્રવચનોથી તેઓ ખુબ પ્રભાવિત થયા હતા.

તેમણે સ્વ. નિરૂમા પાસેથી અસંખ્યવાર જ્ઞાનવિધિ મેળવી હતી. ઘણીવાર તેઓ અમદાવાદ બહાર પણ દાદા ભગવાન ફાઉન્ડેશનના સત્સંગ કાર્યક્રમમાં જતા અને સેવાઓ આપતા હતા.

દાદા ભગવાન ફાઉન્ડેશન સાથે જેઓ વર્ષોથી સંકળાયેલા હોય તેમજ કેટલીક ચોક્કસ મહત્વપૂર્ણ જ્ઞાનવિધિ મેળવી હોય તેને મહાત્માનો દરજ્જો આપવામાં આવે છે. સીમંધર સ્વામીની પ્રતિમાને માનસિક રૂપે હંમેશા માથે રાખીને તેમના નિયમોનું પાલન કરવુ પણ મહાત્માઓ માટે જરૂરી છે. ભૂપેન્દ્રભાઈ મહાત્માનો દરજ્જો ઘણા વર્ષો પૂર્વે પ્રાપ્ત કરી ચુક્યા છે. કોઈને પણ ખોટુ ન લાગે તેવા આચાર-વિચારના વર્તન અને નિયમોનું ચુસ્તપણે પાલન પણ કરે છે.

તેમણે મુખ્યમંત્રી ચેમ્બરમાં પોતાની ખુરશીમાં બેસીને વિધિવત કાર્યભાર સંભાળતા પૂર્વે શ્રદ્ધાપૂર્વક દાદા ભગવાન-સીમંધર સ્વામીની મૂર્તિને પૂષ્પ અર્પણ કરી નમન કર્યા હતા.



આ અવસરે ઉપસ્થિત રહેલા દાદા ભગવાન પરિવારના અનુયાયી સ્વજનો સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોતે પણ સ્તુતિ મંત્ર ગાન શ્રદ્ધાપૂર્વક કર્યુ હતું અને દાદા ભગવાનના શ્રીચરણોમાં નમન કરી મુખ્યમંત્રી તરીકેનો વિધિવત પદભાર સંભાળ્યો હતો.

## શહેરના સેકટરોમાં તેમજ આસપાસના ગામોમાં આજે પાણીનો સપ્લાય બંધ

**લાઇન સિફ્ટીંગની કામગીરીને અનુલક્ષી પાણી પુરવઠો બંધ રહેશે : ૧૫ સપ્ટેમ્બરથી રાબેતા મુજબ સપ્યાલ આપવામાં આવશે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર શહેરમાં આજે પાણીનો સપ્લાય બંધ રહેશે. શહેર ઉપરાંત આસપાસના ૩૦ ગામોમાં પણ પાણીનો સપ્લાય બંધ રહેશે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે પાઈપલાઈનનુ ખોદકામ પણ શરૂ કરી દેવાયુ છે જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી લાઈન સિફ્ટીંગની કામગીરી કરવામાં આવનાર હોવાથી આજે શહેરના સે-૧ થી ૩૦ તેમજ આસપાસના ગામોમાં પાણીનો સપ્લાય આપવામાં આવશે નહીં.

ગાંધીનગરાઓ સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરતા હોવાનુ પણ અભ્યાસના અંતે સ્પષ્ટ થયુ છે. શહેરમાં આમ પણ પાણીના વપરાશની સાથે બગાડ પણ વિશેષ થાય છે. નગરની સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ વધુ થાય છે. ત્યારે એક દિવસ પણ પાણી ન આવે ત્યારે પાણીનો બગાડ ન થાય તે માટે નગરજનો વિશેષ જાગૃતિ કેળવે છે. શહેરમાં પાણીની લાઈન સંબાંધિત કામગીરીને અનુલક્ષી સપ્લાય બંધ કરવામાં આવે છે. શહેરમાં સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે પાણી તેમજ ગટર લાઈન નવી નાંખવાનુ આયોજન કરાયુ છે. જયારે પાણીની લાઈન નાંખવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પાણીના પ્રોજેકટ સંદર્ભે મુખ્ય લાઈન સંબાંધિત સિફટીંગનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જેને અનુલક્ષી તા ૧૪ સપ્ટેમ્બરના રોજ પાણીનો સપ્લાય સંપુર્ણ બંધ રહેશે. જયારે તા ૧૫ સપ્ટેમ્બરથી સેકટરોમાં રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપવામાં આવશે.

**શહેરના સેકટરો ઉપરાંત ગુડા વિસ્તાર અને આસપાસના રાંદેસણ, રાયસણ , કોબા, અંબાપુર પેથાપુર સહીતના ૩૦ જેટલા ગામોમાં પણ પાણીનો સપ્લાય બંધ રહેશે**

શહેરના સેકટરો ઉપરાંત ગુડા વિસ્તાર અને આસપાસના રાંદેસણ, રાયસણ , કોબા, અંબાપુર પેથાપુર સહીતના ૩૦ જેટલા ગામોમાં પણ પાણીનો સપ્લાય બંધ રહેશે. શહેરના સેકટરોમાં આજે ગૃહીણીઓએ મંગળવારે પાણી ન આવવાનુ હોવાથી પાણીનો બગાડ ન થાય તેની તકેદારી રાખી હતી.

## મનપામાં સમાવિષ્ટ ૪ ગામોમાં મિલ્કત સર્વેની કામગીરી સંપન્ન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવા સમાવાવવામાં આવેલ ૧૮ ગામો અને ૧ ન.પા. વિસ્તારમાં મિલ્કતોના સર્વેની હાથ ધરાયેલી કામગીરીમાં ૪ ગામોના સર્વેની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે.

ગત સપ્તાહથી મિલ્કતોના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવા સમાવવામાં આવેલ સુઘડ, નભોઈ, કોટેશ્વર અને અમીયાપુર ગામમાં સર્વેની કામગીરી સંપન્ન થઈ છે.

કોટેશ્વરમાં પહેલા પ્રાયોગિક ધોરણે સર્વેની કામગીરી હાથ ધર્યા બાદ આ કામગીરીમાં ગતિ આવી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે ભાટ ગામે મિલ્કતોના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મિલ્કતોના સર્વે માટે ૫૫ જેટલી ટીમો હાલ કામ કરી રહી છે. આ ટીમોની સંખ્યામાં હજુ પણ આગામી દિવસોમાં વધારો કરવામાં આવશે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે ગામોમાં મિલ્કતોના સર્વેની કામગીરી સંપન્ન થઈ છે તે પ્રમાણમાં નાના હતા. જો કે જેમ જેમ મોટા ગામ આવશે તેમ તેમ ટીમોની સંખ્યામાં વધારો કરવામાં આવશે. આગામી સપ્તાહમાં ટીમોની સંખ્યામાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે.

મિલ્કતોના સર્વેની વિગતો ડિજીટલી પણ મિલ્કત ધારકોને આપવાનો અભિગમ તંત્રએ અપનાવ્યો છે અને તેનો સારો પ્રતિસાદ મળ્યો હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે. મિલ્કતોના સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ તે અંગેના વાંધા-સૂચનો પણ મેળવવાની કામગીરી માટે તંત્રએ પ્રાથમિક તૈયારીઓ શરૂ કરી હોવાનું અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જો આ ગતિએ જ સર્વેની કામગીરી ચાલુ રહેશે તો બે માસમાં જ આ કામગીરી સંપન્ન થઈ શકે છે.

## મનપાની પ્રથમ બેઠક જુના સભાખંડમાં જ મળશે : બેઠક વ્યવસ્થા વધારાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓ માટે શંખ ધ્વનિ વાગી ચુક્યો છે હવે મનપાની નવી ચૂંટાયેલી બોડીની પ્રથમ બેઠક પણ હાલના જ સભા ખંડમાં મળશે.

કાઉન્સીલરોની બેઠક વધી હોવાથી મનપાના તંત્ર દ્વારા આ અંગેના રિનોવેશન સહિતની કામગીરીની પ્રાથમિક કવાયતો હાથ ધરવામાં આવી છે. આ કવાયત એકાદ બે દિવસમાં સંપન્ન થઈ જશે. અગાઉ મનપામાં ૩૨ કાઉન્સીલરો હતા તે વધીને ૪૪ થશે. આમ ૧૨ સભ્યોની બેઠક વ્યવસ્થા નવી કરવાની થશે.

હાલ તો તંત્ર દ્વારા ચોથા માળે આવેલ સભાખંડની સાફ સફાઈ તેમજ મેયર ચેમ્બર, સ્થાયી સમિતિનો સભાખંડ અને સ્થાયી સમિતિના અધ્યક્ષાની ચેમ્બર તેમજ વિપક્ષી નેતાની ચેમ્બરની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.

હાલના સભાખંડમાં પ્રેક્ષકો માટે જે જગ્યા છે તેમાં ઘટાડો કરાશે તેમજ પ્રેસ અને અન્ય મહાનુભાવો બેસી શકે તે માટેની જગ્યા થોડીક વધારો કરાશે. જો કે સભાખંડ નાનો બનશે.

બીજી તરફ મનપાનુ નવુ ભવન તૈયાર થઈ ગયુ છે પણ તે કાર્યરત થતાં હજુ ત્રણેક માસ જેટલો સમયગાળો લાગશે. ત્યાં નવુ ફર્નિચર અને ફીનીશીંગની કામગીરી હાલ ચાલી રહી છે.

નવા બિલ્ડીંગમાં પણ નવો સભાખંડ તૈયાર કરવાનો રહેશે. આ માટે સારો એવો સમય જશે તેમ જાણકારોનું કહેવુ છે. ચોમાસુ પૂર્ણ થયા બાદ નવા મકાનની કામગીરીમાં ગતિ આવશે.

હાલ તો જૂના સભાખંડમાં જ મનપાના નવા સભ્યોની પ્રથમ બેઠક મળશે તે વાત નિશ્ચિત છે અને તે અંગેની તૈયારીઓ પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

## સે-૬ માં નવા આવાસો તૈયાર પરંતુ લાંબા સમયથી લોકાર્પણમાં વિલંબ

**કોર્પોરેશનની ચુંટણી જાહેર થઇ જતા હવે નવા આવાસોના લોકાર્પણનો કાર્યક્રમ પણ વિલંબમાં પડયો**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી એકબાજુ જુના અને જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે બીજીતરફ જોખમી મકાનો વધુ હોવાથી આવાસ માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આ સ્થિતિ વચ્ચે સે-૬ માં તૈયાર કરાયેલા આવાસો પણ લાંબા સમયથી લોકાર્પણની વાટે છે. જો કે હવે કોર્પોરેશનની ચુંટણી આડે આવતા નવા આવાસોના લોકાર્પણમાં વધુ વિલંબ થશે.

શહેરમાં નવા સરકારી આવાસો બની રહ્યા છે. શહેરમાં દાયકાઓ જુના અને જર્જરિત આવાસો તોડીને તેના સ્થાને જગ્યા ખુલ્લી થતા તબક્કાવાર નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. અત્યાર સુધી સે-૭ , સે-૨૯ સે -૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે આ આવાસોમાં હાલ કર્મચારીઓનો વસવાટ પણ છે. આગામી દિવસોમાં હજુ નવા આવાસો બાંધવા માટે સાઈટ આખરી થશે. એકબાજુ કર્મચારીઓને ફાળવા માટે નવા આવાસો નથી જેના લીધે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. સરકારી કર્મચારીઓને ફાળવવા માટે નવા આવાસો નથી. રહેણાંકના મોટાભાગના મકાનો જોખમી છે. ત્યારે આવાસો ખાલી કરાવવાની કામગીરી પણ તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. આવાસો તોડવાની સાથે મકાનોના મજબુતીકરણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે આવાસોના અભાવે તંત્રએ મકાનો ફાળળવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે સે- ૬ માં નવા આવાસો તૈયાર છે. પરંતુ લાંબા સમયથી આ નવા મકાનાનુ લોકાર્પણ કરાયુ નથી. જેના લીધે કર્મચારીઓની મુશ્કેલી વધી છે. હવે કોર્પોરેશનની ચુંટણી પણ જાહેર થઈ જતા સે-૬ ના નવા આવાસોનુ લોકાર્પણ સમારોહ પણ હાલ પુરતો અટવાયો છે. સે-૬ માં આવાસો તૈયાર છે. પરંતુ લોકાર્પણના અભાવે હાલ કર્મચારીઓને ફાળવવામાં આવશે નહીં.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com